સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સંસદના ખેતરે જઇ ચરવાનું નક્કી જ છે!
ખર્ચના ખાડા પછી ખિસ્સાં ભરવાનું નક્કી જ છે!
ઉદ્યોગપતિનાં બોચાં બાંધી તરવાનું નક્કી જ છે!
કરી લ્યો પક્ષની પસંદગી! મરવાનું નક્કી જ છે.
(વિકલ્પની પસંદગીનો અધિકાર)

હાઈકુ

ભૈ ચૂંટવાનો -
- ખોટામાંથી ખોટાને,
છે અધિકાર..
(મતદારની લાચારી)

બજાવી નાખો!
અપવિત્ર કાર્યની -
પવિત્ર ફર્જ!
(કરો મતદાન..)

ચિંતન

યદિ વહસિ ત્રિદંડં નગ્નમુંડં જટા વા યદિ વસસિ ગુહાયાં પર્વતાગ્રે શિલાયામ્ ।
યદિ પઠસિ પુરાણાં વદેસિદ્ધાંતતત્વમ્ યદિ હૃદયમશુદ્ધં સર્વમેતન્ન કિંજિવત્ ॥

'કોઇ વ્યક્તિ હાથમાં ધર્મ-ધ્વજ કે દંડ ધારણ કરી વિચરણ કરે, કે કોઇ માથે મુંડન કરાવે વળી કોઇ જટા વધારે, વળી કોઇ ગુફામાં એકાંત વાસ કરે કે કોઇ પર્વતની ટોચ પર (હિમાલયમાં) જઇને રહે - કોઇ વેદપુરાણ ઉપનિષદોના સિદ્ધાંતોનું પઠન કર્યા કરે.. આ બધા જ બાહ્યાચાર છે, જો હૃદય શુદ્ધ-પવિત્ર અને નિખાલસ ન હોય તો એ બધું જ નકામું છે.'

હૃદય સ્વચ્છ, નિખાલસ, વિશાળ અને પવિત્ર હોય તો કસાઇનો વ્યવસાય કરનાર પણ સંત સજ્જન છે. સંત-સ્વભાવ અને શુદ્ધ આચરણથી થવાય - એને માટે વેશભૂષા, ટીલાં-ટપકાં, માળાઓ, જટાઓ કે મૂંડનની કંઇ જ જરૂર રહેતી નથી. એ બધો 'સંત'ના દંભને પોષતાં બાહ્ય ચિહ્નો માત્ર જ છે.

વાસના-તરફનો સાચો વૈરાગ્ય ત્યાગ કરવા જ આવે છે તો આવાં બાહ્યાચારના ચિહ્નોનાં વળગણ પણ શા કામના?

આશારામો અને નારાયણ સાંઇઓ જેવા દંભી-કપટી સંતોને આવા બાહ્યાચારની જરૂર પડે.

સુવિચાર

- ફૂલને મસળી નાંખો તોય એ સુગંધ આપવનું છોડતું નથી, શુદ્ધ પ્રેમ તો કચડાઇને પિસાઇનેય સુગંધીત રહે છે - *સુભાષિત*
- મહાવીરને ભક્તે પુછ્યું 'આપના ચરણે શી ભેટ ધરૂ??' મહાવીરનો જવાબ 'તારી જીંદગીના જે દુર્ગુણો છે તે મને આપી દે' - *જૈનસૂત્ર*
- 'અહીં પૃથ્વી પર મારી પાસે કોઇ મિત્ર, પડોશી, ભાઇ કે હમદર્દ નથી... પણ મારી પાસે 'હું છું ને?' હું એ જ મારો મુલ્યવાન મિત્ર છું' - *રમણ મહર્ષિ*
- તમે જે તે વખતે લીધેલા નિર્ણયમાં એ સમયના સંજોગો, પરિસ્થિતિ અને તમારી એ સમયની કોઠાસૂઝ સમજદારી એ ભજવેલો ભાગ - *ફાધર વાલેસ*
- એકાગ્રતા પોતે જ એક યોગ છે. એકાગ્રતા આપણને સમય, શક્તિ ના દુર્વ્યયમાંથી બચાવે છે - *ડો. ચંદ્રકાન્ત મહેતા*
- દરવાજા આપણા ના રાખીયે જો બંધ, બીજાના બાગની પમાય તો સુગંધ, પારકાંને પોતીકા કરવાની ટેવ, હોય એ પહોંચે શિખર સુધી છેક - *રમેશ પારેખ*
- વિવેચકોની સલાહ કદી માનશો નહીં. કદી વિવેચકનું બાવલું હજી ક્યાંય મેં જોયું નથી - *કાન્તિ ભટ્ટ*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

કોઇ પણ, શિક્ષણ-તાલીમ-સાધના 'તપ' - મહેનત-પરિશ્રમ માગી લે છે. સૂતાં-બેઠાં કંઇ જ થઇ ન શકે હમણાં વેકેશન છે પણ બાળકો 'આરામપ્રિય' રમત અને શોખને પંપાળે છે જેમાં પરિશ્રમ પડે એવી રમતોથી પણ દૂર ભાગતા રહે છે.

માઇકલ જોર્ડન બાસ્કેટ બોલના સારી નામના પામેલા પ્લેયર એક કોલેજમાં વ્યાખ્યાન આપવા ગયા. અંતે પ્રશ્નોત્તરી વખતે ઘણાં વિદ્યાર્થીઓએ એમના જેવા બાસ્કેટ બોલના ખેલાડી થવાની ઇચ્છા વ્યક્ત કરી.

જોર્ડને કહ્યું હું જાતે જ તમને 'તાલીમ' આપીશ પણ એના પહેલાં મારા થોડા પ્રશ્નો અને શરતો છે એના જવાબ આપો! બસો વિદ્યાર્થીઓ હતા. જોર્ડને પૂછ્યું તમારામાંથી દરરોજ સવારે ચાર વાગ્યે ઉઠવા કેટલા તૈયાર છે? બસો ઇચ્છુકમાંથી માત્ર એકસો હાથ ઊંચા થયા.

જોર્ડને ફરી પૂછ્યું. આ સો વિદ્યાર્થીઓ પૈકી વહેલી સવારે બે કલાક દોડવા તૈયાર હોય તે જ હાથ ઊંચા રાખે!

પચાસ થઇ ગયા.

દોડયા પછી બોલને બાસ્કેટમાં નાખવાની સો વખતે પ્રેક્ટીસ કરવી પડશે, કેટલા તૈયાર છે?

દસ જ બાકી રહ્યા.

જોર્ડને કહ્યું આ બધું રવિવાર-વેકેશન ભોગવ્યા વિના સતત ત્રણ વર્ષ કરવા કેટલા તૈયાર છે?

ત્રણ જ વિદ્યાર્થી બાકી રહ્યા.

અને જોર્ડને તેમનો સમાવેશ રાષ્ટ્રીય ટીમમાં કરાવ્યો.

Email - sureshchandrabhatt18@gmail.com

વટ કે સાથે વૉટ..!! મારો મત, મારો મૂલ્યવાન મતાધિકાર..!!

'કન્યાદાન' અને 'રક્તદાન' કરીને આપણે માલિકી હક જતો કરીએ છીએ 'મતદાન' એ દાન નહીં હક છે, 'મતદાન' થી આપણે હક માગીએ છીએ

'જીસ કા મુઝે થા ઇંતજાર વો ઘડી આ ગઇ...' પ્રથમવાર જ મતદાન કરનારાં દરેક યુવાનોની આ અવસ્થા છે. આ વખતનાં ૧૬મી લોકસભા ઇલેકશન માટે વિવિધ તબક્કામાં વોટિંગ થઇ ચૂક્યું છે. આજે સાંજથી ગુજરાતની ચૂંટણી પ્રચારનો અંત આવી રહ્યો છે, અને આ તમે વાંચતા હશો ત્યારે તો મતદાન મથકે લોકશાહીના મેળાની ઉજવણી રૂપે સૌ વટ કે સાથ વૉટ આપવા લાઇનમાં લાગી ગયા હશે...

હમણાં રોજ સવારે છાપુ ખોલીએ અને ચાર-પાંચ નેતા આપણાં પગમાં આળોટતાં જોવા મળે છે, એટલે કે એમનાં પ્રચારનાં પેમ્પ્લેટ્સ જોતાં અને એમનો આપણાં પગે સ્પર્શ થતાં આપણે મતદાર 'રાજા' છીએ એવો અહેસાસ થાય છે, ભલેને એક જ દિવસના કેમ ના હોઇએ? આ વખતની ચૂંટણીમાં યુવાન મતદારોની ટકાવારી વૉટ્સ એપના ફેલાવા જેવી વધી ગઇ છે, અને નેતા પક્ષો યુવાનોને આકર્ષવા, પોતાનાં કરી લેવા ભરપૂર પ્રયત્નમાં છે. કોમ્પ્યુટરનો 'ક' ન જાણનારાં નેતાઓને ફેસબુક - ટ્વીટર - વોટ્સ એપનો સહારો લેવો પડ્યો છે અને યુવાનો એમની પોસ્ટ-અપડેટ્સ જોઇને એનો વિચાર કરીને રિસ્પોન્સ પણ આપે છે...

નવા મતદારો અને શોશ્યલ સાઇટ્સને સીધો સંબંધ છે. અત્યારે ફેસબુક - વોટ્સએપ પર સતત કેમ્પેનીંગ થાય છે. કેમ્પેનીંગ પોસ્ટ, ન્યૂઝ અપડેટ્સ, નમો વર્સીસ રાહુલના ફોટો, અરવિંદ કેજરીવાલનાં એક-૪૯ મેસેજ ધનાધન શેઅર થાય છે અને વિવિધ રાજકીય મુદ્દા પર ચર્ચાઓ થાય છે. 'મતદાન કરવા ઉત્સુક' ના સ્ટેટસ પર ઢગલો લાઇક્સ આવે છે. પ્રત્યેક વાતને સોશીયલી અવેર થઇ રિએક્ટ કરીએ તો પણ એક વાત નક્કી છે કે ૪૫ ટકા યુવાનો માને છે કે વર્તમાન પત્રો અને ન્યૂઝ ચેનલ મતપરિવર્તન માટે અથવા મત આપવા માટે મહત્ત્વનું માધ્યમ છે. સોશ્યલ સાઇટ્સ એ ૧૨ ટકા યુવાનોને પ્રભાવી લાગે છે, એટલે કે સોશ્યલ સાઇટ્સ 'અવેરનેશ' લાવે છે. 'કોન્સેસિયનેસ' નહીં...!

યુવાન મતદારો સત્તા પલટમાં મોટો ભાગ ભજવી શકે એમ છે અને એટલે 'મતદાન નક્કી કરજો' એવું લગભગ બધાં માધ્યમોમાંથી કહેવાઇ રહ્યું છે. આ કેમ્પેનીંગના ભાગ રૂપે ફરતાં થયેલાં ત્રણેક વિડીયો તો ક્રિએટીવીટી અને મતદાન પ્રચારને વેગવંતુ બનાવવા જે થીમ પર બન્યાં છે એ કાબીલેદાદ છે.

●●●



વિડીયો - ૧ ક્લીપીંગની શરૂઆતમાં એક વ્યક્તિને ચાલતી બતાવી છે. સ્ક્રીન પર માત્ર એના પગ બતાડ્યા છે. થોડા ડગલાં ચાલ્યાં બાદ એ પગથીયેં ગોધું ખાય છે. પોતાની જાતને સંભાળે છે અને હાથમાં રહેલી સ્ટીક ઑપન કરી ફરી આગળ ચલાવે છે. ત્યારે આપણને ખ્યાલ આવે છે કે આ વ્યક્તિ અંધ હતી. હાથમાં લાકડીનાં સહારે એ વ્યક્તિ આગળ ચાલતી રહે છે અને એ એક રૂમમાં દાખલ થાય છે. એ રૂમનાં દરવાજા પર લખેલું હોય છે 'મતદાન કૂટીર...' એ વ્યક્તિ રૂમમાં મતદાન કરવા જાય છે અને સ્ક્રીન પર એક પ્રશ્ન થાય છે.' આણે તો મતદાન કર્યું અને તમે?' એટલે આ વખતે મતદાન જરૂર કરજો. અને વીડીયો પૂર્ણ થાય છે.

વીડિયો - ૨ વીડિયોની શરૂઆતમાં એક કૉલેજ કમ્પાઉન્ડમાં કેટલાંક કોલેજીયનો ટોળે વળ્યાં છે. એટલામાં એમના ગ્રુપનો એક મિત્ર આવે છે. એ પોતાની એક ગર્લફ્રેન્ડ કે જે રિઆલીટી શોની ફાઇનલમાં છે એને એમ.એમ.એસ.થી વોટ કરવા તેમનો મોબાઇલ માગે છે. ત્યારે એમો મિત્ર કહે છે. દેશના મતદાન વખતે મળેલી રજાનો દુરૂપયોગ કરી, મતદાન કર્યા વગર ભટકનારો તું રિઆલીટી શોની છોકરી માટે પૈસા ખર્ચી વોટીંગ કરે છે, શરમ નથી આવતી તને?' અને પેલાં યુવાનોનો ચહેરો નંખાઇ જાય છે. બધાં એનાં મિત્રો એમને મતદાન કર્યાની આંગળી બતાવી કહે છે કે આણે તો મુર્ખામી કરી, શું તમે પણ રજાને મનાવવા વોટીંગથી દૂર રહેશો? મતદાનની રજાઓ મતદાન માટે જ ઉપયોગ કરજો અને આ વખતે 'જરૂર મતદાન કરજો' સાથે વીડિયો પતી જાય છે!!

વીડિયો - ૩ એક સ્કૂલના કલાસની બહાર બે વિદ્યાર્થીઓ 'મુરઘાં' બનીને ઉભા છે. અને થોડી કેડ સરખી કરવાં ઊભા થાય છે, ત્યાં કલાસ મોનીટર આવીને ખખડાવે છે. 'ઠીક સે મુરઘા બન વરનાં ટીચર કો બોલ દૂંગા' અને જતો રહે છે. પછી બંને જણાં વાતો કરે છે, 'સાલો, આવી ગયો ટીચરનો ચમચો. આને કોણે બનાવ્યો મોનીટર?' બીજો બોલ્યો, 'આખા કલાસમાં શું આપણે બે જ વાતો કરીએ છીએ ને આપણને મુરઘા બનાવે છે?' હવે તો આ સતત મુરઘા બનીને અંદરથી પણ મુરઘાની જ ફિલીંગ આવે છે. આને તો કલાસમાં સૌએ વોટીંગ કરીને જ મોનીટર બનાવ્યો અને સાલો બે મતથી જીત્યો હતો. અને આપણે બંનેએ દિવસે એબસન્ટ હતા...

તમારી ગેરહાજરીમાં થયેલું વોટીંગ તમને પાંચ વર્ષ સુધી મુરઘા બનાવી શકે છે એટલે એબસન્ટ ના રહો મતદાન કરો...

●●●

યુવાનો માટે પ્રેરણાદીય બનેલા આ વીડિયો વગાડી વગાડીને કહે છે, 'આ વખતે નક્કી મતદાન કરો...' એક મત મોટો ચેન્જ લાવી શકે છે. ઘણાં એમ કહે છે, 'આઇ હેટ પોલિટીક્સ'. પણ એક વાત સમજી લો રાજકારણનો તિરસ્કાર કરીને નહીં ચાલે. તમારી ચુપકીદી, તમારૂં વોટિંગમાં મોં ફેરવી લેવું એટલે પરોક્ષ રીતે ભ્રષ્ટ લોકોનું સમર્થન જ છે. એમ સમજી લેવું. આપણે આ સિસ્ટમનાં એક ભાગ છીએ. પોલિટીક્સ છે એટલે પૈસા તો ખવાવાનાં જ, ઉમેદવાર છે એટલે પૂરાં ના થાય એવાંય આશ્વાસનાો આપવાનાં જ. પેલું કહે છે ને કે રોગ થતાં વાર નથી લાગતી ઇલાજ કરતાં વર્ષો લાગી જાય છે, આપણો એક મત એટલે આ ઇલાજની એક ટીકડી છે, ઉપયોગમાં નહિ લઇએ તો રોગ વકરવાની પુરી શક્યતા છે. 'વી વોન્ટ ચેન્જ' ના નારાથી નહીં ચાલે, પોતે પણ વોટીંગ બુથ સુધી જવું પડશે અને બીજાનેય લઇ જવા પડશે!!

મન આપવો એ આપણું કર્તવ્ય છે અને એ દિવસે પીકનીક પ્લાનીંગ ના કરતાં લાયક ઉમેદવારને મત આપવા માટે અવશ્ય પહોંચવું. આગળનાં વર્ષોમાં લોકોએ જે ભૂલો કરી છે એ સુધારી લેવી... બીજી એક વાત મને સદાય ખટકે છે કે 'મતદાન' શબ્દ અને એનો પ્રચાર, 'મતદાન' કરો એવું ઢોલ પીટીને કહેવાય છે. ખરેખર 'દાન' એટલે શું?

આપણી એકાદી વસ્તુ જેમ કે કપડાં, પૈસા, વાસણ, પેન, સમય આ બધું દાન કરી શકાય અને એ આપણે કાયમ માટે ભૂલવાથી શર્તે... 'કન્યાદાન' એ શ્રેષ્ઠ દાન છે, પિતા પોતાની દીકરીને લગ્ન કરી એનું દાન કરતો હોય છે, એ કાંઇ કન્યા પાછી નથી માંગતો!! 'રક્તદાન' એ પછીનું શ્રેષ્ઠ દાન જે સૌ કોઇ કરી શકે અને એક જીંદગી બચાવવાં મદદરૂપ બની શકે, એમાં પણ કોઇ સોદાબાજી નથી હોતી, આપીને ભૂલી જવાનું કોઇ અપેક્ષા વગર!!

પણ 'મતદાન' કરીએ ત્યારે એવું કરીએ છીએ? કરી શકીએ છીએ. દાનમાં તો અપેક્ષા ના હોય. પણ આપણો મત આપીએ ત્યારે એ સેવકે નિષ્ઠાપૂર્વક આપણી સેવા કરવી એવી આપણી અપેક્ષા હોય છે અને હોવી જ જોઇએ અને એટલે જ એને 'મતદાન' નહીં પણ 'મતાધિકાર' કહેવો જોઇએ. હું મારા અધિકારનો ઉપયોગ કરીશ, દાન નહીં કરૂં, મત એ મારો હક છે અને મારો મત, મારો મૂલ્યવાન મતાધિકારથી લોકપ્રતિનિધિ ચૂંટાશે અને એ અમારાં માટે કામ કરશે. ફ્રેન્ડસ, આળશ ખંખેરી 'મતાધિકાર' નો હક્કનો ઉપયોગ કરી લો!!

ચૂંટલો :

ચૂંટણીની ચર્ચાના ફટાકા મારતાં તમારી આજુબાજુના લોકોની આંગળી પર વોટિંગ ઇન્કની નિશાની જોઇ લેજો. જો મતદાન ના કર્યું હોય તો એને ચર્ચામાં સામેલ થવાનો કોઇ અધિકાર નથી એવો સણસણતો જવાબ પણ પણ આપી દેજો. 'મતાધિકાર' ને મજાક સમજનારાને આટલી શિક્ષા તો અવશ્ય થવી જ જોઇએ.

રામસિંહનું શબ રાજકીય સન્માન સાથે લાવવામાં આવ્યું છે, ત્રિરંગામાં લપેટવામાં આવેલ શબ પુષ્પમાળાઓથી લદાયેલું છે, રામસિંહની વાત ગામનાં દરેકને હોઠે છે

નવાં કલેવર

- નટવર હેડાઉ

તેના રૂદનથી એમ લાગતું હતું કે આંધી સાથે આવેલ વાવાઝોડું રણની રેત અને સમુદ્રમાંથી ઉઠેલ પવનની ઝાપટો આકાશને જાણે કે હમણાં ગળી જશે. જાણે કે ઉગતાં સૂરજને પોતાનામાં સમાવીને કરી દેશે ગુમ. અને થઇ જશે ચારે તરફ અંધકાર... જેવી રીતે રામસિંહના મોતથી તેના જીવનમાં અંધકાર છવાઇ ગયો છે. રામસિંહના મોતથી એવું લાગી રહ્યું છે કે જાણે ગામનાં દરેક ઝાડ પર બેઠેલા કાગડાઓએ કાગારોળ મચાવી દીધી છે અને જાણે કે તેમના બારણે બેઠેલ કૂતરૂં પણ પુરી તાકાતથી રોઇ રહ્યું છે.

મોહિનીએ પાંપણો સહેજ ઊંચી કરી આંસુઓની આરપાર જોવાની કોશિષ કરતાં ત્રિરંગામાં લપેટેલ તેના પતિ રામસિંહને જોયો, પછી ગામની સ્ત્રીઓનાં રૂદન સાથે પોતે પણ પછડાટ ખાઇને ચીસ પાડી ત્યાં ઢળી પડી.

આખા ગામમાં હાહાકાર મચી ગયો. રામસિંહના મોતનો હાહાકાર... ગામના અબાલ વૃદ્ધ સૌ સંગ્રામસિંહને ઘેર એકઠાં થવા લાગ્યાં. રામસિંહ જમ્મુ બોર્ડર પર આતંકવાદીઓ સાથે લડતાં લડતાં શહિદ થઇ ગયો. આખું ગામ શોકમાં ડુબી ગયું છે અને ડુબી ગઇ છે મોહિની પણ આંસુઓનાં અથાગ સાગરમાં જે તેના વૈવાહિક જીવનનું એક વર્ષ પણ પૂરૂં થયું નથી ત્યાં વિધવા થઇ ગઇ છે.

રામસિંહનું શબ રાજકીય સન્માન સાથે લાવવામાં આવ્યું છે. ત્રિરંગામાં લપેટવામાં આવેલ શબ પુષ્પમાળાઓથી લદાયેલું છે. રામસિંહની વાત ગામનાં દરેકને હોઠે છે. તેની માં પાડોશીયોને રોઇ રોઇને કહી રહી છે.

'હજુ તો બે મહિના પહેલાં જ આવેલો. ચાલીસ હજાર રૂપિયા ખર્ચી મકાનનું કામ કરાયેલું. રસોડું આખું તૂટી ગયેલું. તેની દિવાલની ઇંટો દેખાતી હતી. આખા મકાનનું પ્લાસ્ટર તૂટી ગયેલું હતું તે બધું તેણે કરાવ્યું. તે બોલેલો બા તું મને યાદ કરી કરીને દુઃખી થાય છે કંટાળી જાય છે તો તારા માટે ટી.વી. લાવી દઉં છું. આ ટીવી એ જ લાવેલો, નહીંતર એના બાપની ત્રેવડ ક્યાં હતી.'

એટલું કહેતાં તે એકદમ રડી પડી હતી. હવે તો રામસિંહની સારી ખરાબ વાતો બસ એક યાદ બની ગઇ હતી. સૌથી વધુ દુઃખ તો મોહિનીના હૈયામાં હતું કેમ કે તેના માટે થઇને રામસિંહે આખા ગામ સાથે બાથ ભીડી હતી. કોણ જાણે કઇ રીતે એ મોહિનીના પ્રેમમાં પડી ગયો હતો. લશ્કરમાંથી ચાર દિવસ રજા લઇને આવેલો કંપની એક જગ્યાએથી બીજી જગ્યાએ ટ્રાન્સફર થઇ રહી હતી. તેનું ગામ રસ્તામાં આવતું હોવાથી સાહેબને કહીને ચાર દિવસની મહોલત લઇ તે ગામમાં રોકાયો હતો. અચાનક મોહિનીને છાણાં થેપતાં જોઇને તેની સાથે આંખ મળી ગઇ. એકવાર મોકો જોઇને એ મોહિનીના ઘરમાં ઘુસી ગયો. તે ઘરમાં એકલી જ હતી. શરમાતાં લજવાતાં ચોટલો સરખો કરતાં રામસિંહને તેણે પુછ્યું.

'હું છાણાં થેપતી હોઉં ત્યારે મને ટગર ટગર કેમ જોયા કરો છો?' આજે ઘેર મારી મા નથી તો શું ઘરમાં ઘુસી આવ્યો? શરમ જેવું કંઇ છે કે નહીં? તમને ખબર છે હું વિધવા છું. બાળપણમાં મારાં લગ્ન થઇ ગયેલાં. દશ વર્ષની હતી અને વિધવા થઇ ગઇ છું. કોઇ જોઇ જશે તો તમારે તો શું પણ હું બદનામ થઇ જઇશ.'

'હું તારી સાથે લગ્ન કરીશ. બોલ તું તૈયાર છે...? તેણે મોહિનીને પોતાની મજબુત બાંહોમાં જકડી લીધી હતી. રામસિંહની પકડથી લાલઘુમ થઇ ગયેલ તેનું કોમળ કાંડુ સહેલાવતાં તેની આંખોમાં આંસુ આવી ગયા હતા.'

'મારું એવું નસીબ ક્યાંથી... તમને ખબર છે હું માંગલીક છું. ઉપરાંત વિધવા... બાળ વિધવા...'

'તો શું થયું? એમાં તારો શું વાંક છે... તારી ક્યો કસુર છે. હું આજે જ બાપુજીને વાત કરીશ.' એમ કહેતાં ઘરમાંથી એ નીકળી ગયો. તેને જતાં પાડોશીઓ જોઇ ગયેલા. પછી તો પુછવું જ શું, આખું ગામ મોહિનીના ઝાંપે આવી ઊભું.

'આવું બધું ગામનાં નહીં ચાલે, ડોશી તારી છોકરીને સાચવ. એની જુવાની પાટી રહી છે. એ ગામના છોકરાઓને બગાડશે. આજે રામસિંહ કાલે પ્રિતમસિંહ તો પરમ દિવસે વળી કોઇ... પુછી જો એને રામસિંહને ઘુસાડ્યો તો કે નહીં?'

ત્યારે મોહિની આંખમાં આંસુ સાથે પાલવનો છેડો મોંમાં નાંખી દયામણી નજરે માંની તરફ જોતા પોતે નિર્દોષ છે એ વાતનો ઇશારો કરતાં અંદરનાં ઓરડામાં જઇને રોઇ પડી હતા. ત્યાં જ હાથમાં બંદૂક લઇને રામસિંહ આવી ગયેલો અને મોહિનીના ઓરડામાંથી હાથ પકડી તેને બહાર ખેંચી લાવીને ગામ લોકોની સામે રાડ નાંખીને બોલેલો.

'હું મોહિની સાથે લગ્ન કરીશ. એ ગંગા જેટલી પવિત્ર છે. કોણ તેના ચરિત્ર પર લાંછન લગાવે છે. મોહિનીના વિરૂદ્ધમાં એક શબ્દ પણ કોઇ બોલશે તો તેને હું ગોળી મારી દઇશ. સાલ્લાઓ શરમ નથી આવતી એક નિર્દોષને બદનામ કરતાં...'

સૌની બોલતી બંધ થઇ ગઇ. ત્યારે રામસિંહની માંએ તેને ટોકેલો.

'શું રામ તું ગાંડો થયો છે. આ વિધવા સાથે લગ્ન કરીશ? વળી એને મંગળ છે, બાળપણમાં જ એ તેના પતિને ભરખી ગઇ...'

'હાં હું એની સાથે જ લગ્ન કરવાનો, જેનાથી જે થાય તે કરી લે, ગાંડો હું નથી તમે બધાં છો. તમારા બધાનાં અંધવિશ્વાસને કારણે આની જિંદગી ખરાબ કરી રહ્યાં છો.'

અને ત્યારે આખું ગામ સ્તબ્ધ થઇ ગયેલું. અને ત્યારે બે દિવસમાં જ ફેરા ફરી મોહિનીને પોતાની બનાવીને એ ડ્યુટી પર પાછો જતો રહેલો.

એ રામસિંહ શહિદ થઇ ગયો છે. આજે ચારે તરફ તેની બહાદુરીની ચર્ચા લોકો કરી રહ્યા છે. ગામ માટે તેણે એક દાખલો બેસાડ્યો છે. તેથી વહીવટી અધિકારીઓ પણ આવવાના. ગામ લોકો તેના ઘર પાસે એકઠા થઇ ચર્ચા કરતા હતા તેમાં પાકિસ્તાન માટે ભારોભાર ગુસ્સો વર્તાતો હતો.

'આપણા જુવાનો ક્યાં સુધી આમ જ આતંકવાદીઓનાં હાથે મરતાં રહેશે?'

અને શું આમ જ આપણી બહેન-દીકરીઓ વિધવા થતી રહેશે.' કોઇએ વળી જોશમાં આવી કહ્યું.

'અરે ભાઇ એકવાર આરપાર થઇ જવું જોઇએ.'

'આપણા દેશ પાસે શું કમી છે. હવે તો અણુશક્તિ પણ...'

'અને છતાં અવારનવાર આવું થયા કરે ને બરાબર છે. રોજ ક્યાંય ને ક્યાંય કોઇ આતંકવાદને નામે બલિ ચડી જાય છે અને આપણી સરકાર...?'

(ક્રમશઃ)

પ્રેમ એટલે શું? એક છોટી શી લવસ્ટોરી

ગુલમહોર

- દિનેશ દેસાઈ

પ્રેમ એટલે શું? જે રાહ જુએ છે, એનું નામ પ્રેમ. જે માફ કરી દેવાની ઉદારતા રાખે છે, એનું નામ પ્રેમ. જે સાથ અને સર્વસ્વ આપીને પણ આપ્યાનો ભાર ન રાખે એનું નામ પ્રેમ. જે આપીને ભુલી જાય એનું નામ પ્રેમ. પ્રેમમાં બદલાની ભાવના ન હોય. પ્રેમ કોઈનું ખરાબ ન ઈચ્છે. કોઈનું બુરું ઈચ્છે એ પ્રેમ નથી. જે કાયમ પ્રિયજનનું ભલું જ ઈચ્છે એનું નામ પ્રેમ. પ્રેમ એટલે માત્ર પ્રિયજનનું જ નહીં, સમગ્ર વિશ્વનું સારું જ ઈચ્છે. પ્રેમ ક્યારેય કોઈનું ખરાબ વિચારી ન શકે. પ્રેમ એટલે ફક્ત ટોટલ પોઝિટિવિટી – સંપૂર્ણ હકારાત્મકતા.

એક સરસ મજાની લવસ્ટોરી છે. એક યુવક તેની સાથે જોબ કરતી યુવતીને ખુબ ચાહતો હતો. તેના માટે અવારનવાર કોઈને કોઈ ભેટસોગાદ લઈ આવે. યુવતીની હેરસ્ટાઈલ – લાંબા કેશ યુવકને ખુબ ગમે. યુવતીને પોતાના લાંબા વાળ સાચવવા માટે ખાસ્સો ખર્ચ પણ કરવો પડતો. આ માટે તેને દર મહિને થોડા ઘણા પૈસાનું દેવું પણ થાય. આ વાતની જાણ થતાં જ યુવકે પોતાની રિસ્ટ વોચ વેચી દીધી અને યુવતી માટે હેર-કેર કિટ લઈ આવ્યો.

યુવતીને આ ભેટ તો ખુબ ગમી પણ પાછળથી તેને જાણવા મળ્યું કે યુવકે તો પોતાની ઘડિયાળ વેચીને આ ખરીદી કરી હતી. યુવતીએ પ્રેમની અનુભૂતિ તો થઈ પણ તે નિરાશ થઈ ગઈ. તેને દુઃખ થયું કે પોતાના કારણે યુવકને તેની ઘડિયાળ વેચવી પડી. એ પછીની મુલાકાતમાં યુવકને મળવા જ્યારે યુવતી આવી પહોંચી ત્યારે યુવક ઘડીભર તો એને ઓળખી પણ ન શક્યો. કારણ કે એ યુવતીની હેરસ્ટાઈલ બોબ્ડ-કટ હતી.

> **આપીને પામવાનું નામ એટલે પ્રેમ. માગ-માગ કરવાનું કામ માત્ર માગણ જ કરે, પ્રેમમાં કશું જ માગવાનું ન હોય, બલકે આપવાનું જ હોય, પ્રેમમાં શબ્દો ઓગળી જાય. ભાષા અદૃશ્ય થઈ જાય**

હકીકત એ હતી કે યુવતીએ પોતાના લાંબા વાળ કપાવી નાખ્યા હતા. તેણે યુવકને મળીને સમજાવ્યું કે મેં મારા માથાના વાળ સાવ નાના કરાવીને કપાવેલા વાળ બજારમાં વેચી દીધા અને તેમાંથી જે પૈસા મળ્યા તે રકમમાંથી હું તારા માટે ઘડિયાળ લઈ આવી છું. આમ કહીને યુવતીએ પ્રેમીને ગિફ્ટ-પેક આપ્યું.બેઉની આંખો ભીની હતી. આ ભીની આંખો એટલે પ્રેમ.

આપીને પામવાનું નામ એટલે પ્રેમ. માગ-માગ કરવાનું કામ માત્ર માગણ જ કરે. પ્રેમમાં કશું જ માગવાનું ન હોય, બલકે આપવાનું જ હોય. પ્રેમમાં શબ્દો ઓગળી જાય. ભાષા અદૃશ્ય થઈ જાય. જો કોઈ ભાષા હોય તો એ નજરની ભાષા અને આંખો-આંખોની વાતચીત. આંખો વાતો કરે અને બધી વાત સમજાઈ જાય.

પ્રેમમાં પૈસાનું મૂલ્ય હોય ખરું? જે લોકો ગણી ગણીને કરે છે, એ પ્રેમ નથી ,માત્ર ગણતરી જ કહેવાય. પ્રેમમાં ગણિત ન હોય. પ્રેમમાં માત્ર પ્રેમ જ હોય. જે સંબંધમાં રૂપિયા-પૈસાનું મહત્વ આપવામાં આવે તે સંબંધમાં પ્રેમ હોતો નથી. પ્રેમ વરાળ બનીને ઊડી જતો હોય છે.

પ્રેમ અને પૈસા વચ્ચેનું મહત્વ સમજાવતી એક સરસ મજાની સ્ટોરી છે, લવસ્ટોરી નહીં. હૅપી નહીં, સૅડ ઍન્ડિંગવાળી સ્ટોરી. એક યુવાનને એક યુવતી સાથે પરિચય થયો. બેઉ એકમેકને પસંદ કરતા હતા.

એક દિવસ લાગ જોઈને યુવાને યુવતી સમક્ષ પ્રપોઝ કરી જ દીધું કે "હું તને પ્રેમ કરું છું. શું તું મારી સાથે લગ્ન કરીશ?"

યુવતીએ તરત જ ઈનકાર કરતા કહ્યું કે "પ્રેમ તો ઠીક છે, પણ હું તારી સાથે લગ્ન ન કરી શકું. કારણ કે તારો મહિનાનો જેટલો પગાર છે, એટલો તો મારો એક અઠવાડિયાનો ખર્ચ છે. તું મને કેવી રીતે ખુશ રાખી શકીશ?"

યુવતીને મન પ્રેમ કરતા પૈસાનું મૂલ્ય વધુ હતું. પરંતુ એને એ વાતની સમજ નહોતી કે સમય અને સંજોગો કોઈના જીવનમાં એક સરખા રહેતા નથી.

યુવતીના ઈનકાર સાથે જ ભારે હૃદયે યુવાન પેલી યુવતી પાસેથી ચાલ્યો ગયો. બેઉ છુટાં પડ્યાં. આ વાતને કેટલાંક વર્ષ વીતી ગયાં. એક દિવસ પેલા યુવકને એક મોલ – મલ્ટીપ્લેક્સમાં જવાનું થયું. ત્યાં અચાનક જ તેની નજર પેલી યુવતી ઉપર પડી. તેનો ચહેરો ફિક્કો પડી ગયો હતો. શરીર કંઈક સૂકાઈ ગયું હતું. જાણે યૌવનનું ફૂલ સમય પહેલાં કરમાઈ ગયું હતું. ક્ષણભર માટે પેલો યુવાન તો ઓળખી જ ન શક્યો કે આ એ જ યુવતી છે.

યુવતીની નજીક જઈને યુવકે વાતચીત શરુ કરતા કહ્યું કે "કેમ, એકલી છું? જિંદગીમાં તું ખુશ તો છે ને?"

યુવતીએ ચહેરા ઉપર સ્મિત લાવીને પ્રત્યુત્તર આપ્યો કે "હા, હું ખુશ છું. સુખી છું. મારા પતિ હોંશિયાર છે, સારું ભણેલા છે, હેન્ડસમ છે. મારા પતિ દેશની જાણીતી કંપનીમાં જોબ કરે છે. મહિને આટલો પગાર છે. કંપનીનું ક્વાર્ટર અને કાર પણ મળી છે..."

આમ ઔપચારિક વાતચીત કર્યા બાદ બેઉ અલગ અલગ દિશામાં વળ્યા. એટલામાં યુવતીનો પતિ નજીક આવ્યો. તેણે પેલા યુવક પાસે પત્નીને લઈ જઈને વાતચીત શરુ કરી : "સર, આ મારી વાઈફ છે..."

પત્ની સાથે વાત કરતા પતિએ કહ્યું કે "આ તો મારી કંપનીના માલિક છે. અમારી કંપનીનું વાર્ષિક ટર્ન ઓવર રૂપિયા ૫૦૦ કરોડનું છે. એમને દેશ-વિદેશમાં અબજો રૂપિયાનો કારોબાર છે. દુનિયાના ૧૨ દેશોમાં ઓફિસો છે. મારા સરની સૌ